# આજે જિલ્લા કોંગ્રેસની વિસ્તૃત કારોબારી મળશે

ગાંધીનગર, તા. ૨૩
ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિની "વિસ્તૃત કારોબારી બેઠક" જીલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ સૂર્યસિંહ ડાભીના અધ્યક્ષપદે તથા જીલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી મંગુબેન ચૌધરીના અતિથિપદે તેમજ ધારાસભ્યો સર્વ બળદેવજી ઠાકોર, ડૉ. સી. જે. ચાવડા, સુરેશભાઈ પટેલ તેમજ પ્રદેશ-જિલ્લાના વરિષ્ઠ મહાનુભાવો ઉપરાંત જીલ્લા નિરીક્ષકો સર્વ ગેનીબેન ઠાકોર-ધારાસભ્ય, રઘુભાઈ દેસાઈ, સંજયસિંહ ઠાકોરની વિશેષ ઉપસ્થિતિમાં તારીખ ૨૪-૧૦-૧૮, બુધવાર, બપોરે ૩ કલાકે જીલ્લા પંચાયત, સે-૧૭, ગાંધીનગર ખાતે યોજાનાર છે. ગાંધીનગર જિલ્લા કોંગ્રેસની "વિસ્તૃત કારોબારી" બેઠકમાં ઉપસ્થિત રહેવા સૌ અપેક્ષિત કોંગ્રેસજનોને ઉપસ્થિત રહેવા આગ્રહભર્યું આમંત્રણ છે. આ સાથે બેઠકમાં જનમિત્રોની કામગીરી પૂર્ણ કરવા અંગે "શક્તિ" પ્રોજેક્ટની સક્રિય અમલવારી અંગે, જીલ્લા-તાલુકા-શહેર કોંગ્રેસ સમિતિઓના માળખાની પુનઃ રચના કરવા અંગે, જીલ્લા પંચાયત બેઠકવાર 'ધન સંચય' અને "જનસંપર્ક અભિયાન-કોંગ્રેસ આપને દ્વાર" કાર્યક્રમના સફળ અમલીકરણ અંગેના વિવિધ ઠરાવો પસાર કરાશે.

# વિદ્યાર્થીઓના હિતના નામે કરોડો રૂપીયાના ઉઘરાણા કરતું જીટીયુ

## એનરોલમેન્ટમાં એક વર્ષની મુદતમાં વધારો કરી, વિદ્યાર્થીઓને પરિક્ષામાં બેસવા માટે રૂ.૫૦૦૦ ભરવાનું કહેવામાં આવે છે, એનએસયુઆઈ દ્વારા વીસીને આવેદનપત્ર

ગાંધીનગર, તા.૨૩
હાલમાં જ બીઓજીની બેઠકમાં વિદ્યાર્થીલક્ષી એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.જેમાં જીટીયુ સંલગ્ન સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો એનરોલમેન્ટની મુદ્દતમાં એક વર્ષ વધારી દેવામાં આવ્યું છે. જે ખુબ આવકારદાયક નિર્ણય છે જેનો લાભ અંદાજીત ૨૪ હજાર કરતા પણ વધારે વિદ્યાર્થીઓને મળશે.પરંતુ જીટીયુ દ્વારા વિદ્યાર્થીઓ પાસેથી પરિક્ષામાં બેસવા માટે રૂ.૫૦૦૦ ભરવાનું કહેવામાં આવ્યું છે. ત્યારે વિદ્યાર્થીઓના હિતની વાત કરી જીટીયુ દ્વારા કરોડો રૂપીયાના ઉઘરાણા ચલાવવામાં આવી રહ્યા છે. જેને પગલે એનએસયુઆઈ દ્વારા જીટીયુના વાઈસ ચાન્સેલરને આવેદન પત્ર પાઠવી યોગ્ય કરવા રજુઆત કરી છે.

જીટીયુ સંલગ્ન વિવિધ સંસ્થાના સહિત કુલ ૨૪ હજાર વિદ્યાર્થીઓ છે જેમાંથી ૨૦ હજાર વિદ્યાર્થીઓ પરિક્ષાના ફોર્મ ભરે તો કરોડો રૂપીયાની આવક થાય તેમ છે. આ આવક માટે જ જીટીયુ દ્વારા આ નિર્ણય કરવામાં આવ્યો છે. જીટીયુ દ્વારા કરોડો રૂપીયાનાની ઉઘરાણી કરવા માટે આ નિર્ણય બીઓજીમાં મંજુર કરવામાં આવેલ છે. વિદ્યાર્થીઓના હિત માટે એક વર્ષની મુદત યોગ્ય છે પણ તેના નામે ૫૦૦૦ ના ઉઘારાણા કરવા તો યોગ્ય બાબત નથી. જો બે દિવસમાં આ નિર્ણયમાં ફેરફાર કરવામાં આવે, અને વિદ્યાર્થીઓ પાસેથી રૂ.૫૦૦૦ના ઉઘરાણા બંધ નહીં કરવામાં આવે તો આગામી સમયમાં એનએસયુઆઈ દ્વારા જીટીયુ ખાતે ઉગ્ર લડતના મંડાણ કરવામાં આવશે, તેવી ચિમકી ગુજરાત પ્રદેશ એનએસયુઆઈના મહામંત્રી અમિત પારેખ, પ્રવકતા સુધીર રાવલ અને મહામંત્રી ગૌરાંગ મકવાણાએ ઉચ્ચારી છે.



# એલસીબીની ટીમે વરલી મટકાનો જુગાર રમાડતા બે શખ્સોને પકડયા

## એલસીબીએ માણસા અને પેથાપુરમાં દરોડો પાડયો

ગાંધીનગર, તા. ૨૩
ગાંધીનગર એલસીબી પીઆઈ તરલ ભટ્ટની સૂચનાથી તેમની ટીમ જુગારની પ્રવૃત્તિ ઉપર નજર રાખી તેના પર દરોડા પાડી રહી છે ત્યારે ગઈકાલે એલસીબીની એક ટીમે માણસામાં અને બીજી ટીમે આજે પેથાપુરમાં દરોડો પાડી ખુલ્લેઆમ વરલી-મટકાનો જુગાર રમાડી રહેલા બે શખ્સોને પકડી પાડયા હતા. ગઈકાલે એલસીબીની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે માણસા ચંદ્રાસર ચોકડી પાસે બ્રહ્માણી પાન પાર્લર નજીક દરોડો પાડી વરલી-મટકાનો જુગાર રમાડી રહેલા પ્રવીણસિંહ પ્રતાપસિંહ વિહોલને કુલ રૂ. ૯૧૯૨ ના મુદ્દામાલ સાથે પકડી પાડી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તો બીજી ટીમે આજે પેથાપુર ગામે ટાવર ચોક પાસે દરોડો પાડી વરલી મટકાનો જુગાર રમાડી રહેલા ઈમરાન સિકંદર બેલીમને કુલ રૂ. ૨૬૧૫ ના મુદ્દામાલ સાથે પકડી પાડી તેની સામે પણ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગાંધીનગરમાં સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિએ રન ફોર યુનિટી યોજાશે

ગાંધીનગર, તા.૨૩
દેશની એકતા અને અખંડિતતાના શિલ્પી અને લોખંડી પુરૂષ એવા સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિની ઉજવણી પ્રસંગે ગાંધીનગર ખાતે રન ફોર યુનિટીના કાર્યક્રમનું આયોજન તા. ૩૧મી ઓકટોબર, ૨૦૧૮ ના રોજ કરવામાં આવ્યું છે. રન ફોર યુનિટીનો આરંભ સવારના ૭.૩૦ કલાકે સ્વર્ણિમ પાર્કમાં આવેલી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પાસેથી થશે. તેમજ સાંજના ૬.૩૦ કલાકે માર્ચ પાસ્ટનો કાર્યક્રમ યોજાશે.

રન ફોર યુનિટીના કાર્યક્રમના સફળ આયોજન માટે આજરોજ નિવાસી અધિક કલેકટર શ્રી એચ.એમ.જાડેજાના અધ્યક્ષ સ્થાને જિલ્લાના અધિકારીઓની બેઠક મળી હતી. આ બેઠકમાં નિવાસી અધિક કલેકટર શ્રીએ જણાવ્યું હતું કે રન ફોર યુનિટીનો આરંભ તા. ૩૧મી ઓકટોબર,૨૦૧૮ ના રોજ સવારના ૭.૩૦ કલાકે સ્વર્ણિમ પાર્ક ખાતે આવેલી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાથી થશે. રન ફોર યુનિટીના આરંભ પહેલા એકઠા થયેલા તમામ નગરજનોને એકતા શપથ લેવડાવવામાં આવશે. ત્યાર બાદ રન ફોર યુનિટીનો આરંભ થશે. જે સ્વર્ણિમ પાર્ક ખાતેથી ટાઉનહોલ થઈને વિધાનસભા પ્રટાંગણમાં મહાત્મા ગાંધીજીની પ્રતિમાએ પૂર્ણ થશે.

આજ દિનને એટલે કે તા. ૩૧મી ઓકટોબર, ૨૦૧૮ ના રોજ સાંજના ૬.૩૦ કલાકે સ્વર્ણિમ પાર્ક ખાતે આવેલી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાથી માર્ચ પાસ્ટનો કાર્યક્રમ યોજાશે. આ માર્ચ પાસ્ટ સ્વર્ણિમ પાર્કથી મહાત્મા મંદિર તરફ જશે. આ માર્ચ પાસ્ટમાં ગાંધીનગર જિલ્લાની પોલીસ, હોમગાર્ડ, એસ.આર.પી., બી.એસ.એફના જવાનો જોડાશે.

આ બેઠકમાં ગાંધીનગર પ્રાંત અધિકારી શ્રી ઋતુરાજ દેસાઈ, કલોલ પ્રાંત અધિકારીશ્રી નેહા કુમારી, નાયબ જિલ્લા વિકાસ અધિકારી મનિષાબેન પટેલ, ડી.વાય.એસ.પી. શ્રી એમ.જે. સોલંકી સહિત સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.




# પંચાયત કર્મચારી મહાસંઘ ગેરમાર્ગે દોરતુ હોવાનો પંચાયત સેવા કર્મચારી મહામંડળનો દાવો

## તલાટી મંડળ દ્વારા પણ નાયબ ચીટનીસ ઉપરની કેડરમાં બઢતીની માંગ અંગે કર્મચારી મહામંડળની નારાજગી

ગાંધીનગર, તા. ૨૩
ગુજરાત રાજ્ય પંચાયત સેવા કર્મચારી મહામંડળ દ્વારા રાજ્ય તલાટી મંડળ દ્વારા નાયબ ચીટનીસની ઉપરની કેડરમાં બઢતી માટે કરેલ માંગણી સામે નારાજગી વ્યક્ત કરી છે. આ ઉપરાંત પંચાયત સેવા કર્મચારી મહામંડળ દ્વારા લેખિત ખુલાસો કરવામાં આવ્યો છે કે તેઓ રાજ્ય પંચાયત કર્મચારી મહાસંઘ સાથે જોડાયેલા નથી તેમજ મહાસંઘ દ્વારા તાજેતરમાં જે પત્ર રાજ્ય સરકારમાં રજૂ નથી કરાયો તેવા પત્રના મુદ્દા નં. ૫, ૭ અને ૧૦નો વિરોધ જાહેર કરવામાં આવ્યો છે. જે કર્મચારીઓને ગેરમાર્ગે દોરનારો છે અને પંચાયત સેવા કર્મચારી મહામંડળ દ્વારા તેની ટીકા કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે પંચાયત સેવા કર્મચારી મહામંડળ દ્વારા તા. ૧૦મી ઓક્ટોબરે મુખ્યમંત્રી તથા નાયબ મુખ્યમંત્રી તેમજ પંચાયત મંત્રીને કેટલીક રજૂઆત કરવા પત્ર લખ્યો હતો પરંતુ આ પત્ર સરકારને મોકલવામાં આવ્યો નહોતો. આ પત્રની નકલ સોશ્યલ મિડિયામાં ફરતી થતા તેમાં સમાવિષ્ટ મુદ્દા નં. ૫, ૭ અને ૧૦નો પંચાયત કર્મચારી મહાસંઘ દ્વારા વિરોધ પ્રગટ કરી દેવાયો અને સરકારને તા. ૧૫મી ઓક્ટોબરે પત્ર લખી મહાસંઘની રજૂઆત ધ્યાને લઈ નિર્ણય કરવા તાકીદ કરવામાં આવી પરંત મહાસંઘે કર્મચારી મહામંડળ દ્વારા પત્ર સરકારમાં રજૂ કરાયો છે કે નહી તેની ખરાઈ કરવાની પણ તસ્દી લીધી નથી.



ગાંધીનગરમાં પૂ. અરૂણ્યોસાગર સૂરીશ્વરજી મ.સા.એ સંઘની વિનંતીને માન આપી શારિરિક અનુકૂળતા થતા સંઘના આંગણે ૧૬ દિવસની પંચમ પીઠીકાનું અનુષ્ઠાન હાથ ધર્યુ છે. મંગળવારે બપોરે મહારાજ સાહેબે વાજતે ગાજતે પીઠીકામાં પ્રવેશ કર્યો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં જૈન શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાત્રે દસ વાગ્યા પછી ફટાકડાં ફોડનાર સામે કાર્યવાહી થશે

## કલેકટરે આ મામલામાં જાહેરનામું જારી કરવાની દિશામાં પણ ચક્રો ગતિમાન : ફટાકડાંપ્રેમી જનતામાં ખુશીનું મોજું

અમદાવાદ, તા.૨૩
દિવાળીના તહેવારોમાં ફટાકડા ફોડી કરાતી આતશબાજીમાં સુપ્રીમ કોર્ટે ઓછા એમિશનવાળા અને લાયસન્સ હોય તેમને જ ફટાકડાંનું વેચાણ કરવાની મંજૂરી આપવા કહ્યું છે. સુપ્રીમ કોર્ટ ધ્વારા આજે આપવામાં આવેલા એક મહત્વપૂર્ણ ચુકાદામાં ઓનલાઈન ફટાકડાંના વેચાણ ઉપર પ્રતિબંધ લગાવી રાત્રે ૮ થી ૧૦ વાગ્યા સુધી જ ફટાકડાં ફોડવાની મંજુરી આપવામાં આવી છે. સુપ્રીમકોર્ટના આ ચુકાદા બાદ અમદાવાદના જિલ્લા કલેકટર વિક્રાંત પાંડેય પણ હરકતમાં આવ્યા છે. અમદાવાદ કલેકટર દ્વારા પણ સુપ્રીમ કોર્ટના નિયમોનું ચુસ્ત પાલન કરી રાત્રે નિયત સમય સિવાય ફટાકડા ફોડનાર સામે નિયમોનુસાર કાર્યવાહી કરવાનું જણાવાયુ છે. કલેકટરે આ મામલે જાહેરનામું જારી કરવાની દિશામાં પણ ચક્રો ગતિમાન કર્યા છે. સુપ્રીમકોર્ટના ચુકાદા બાદ અમદાવાદ કલેકટર પણ એકશનમાં આવી ગયા છે, જેમાં પર્યાવરણને નુકસાન કરતાં ફટાકડાના વેચાણ પર પ્રતિબંધ લગાવવાની કવાયત હાથ ધરાઈ છે. એટલું જ નહી, જો પ્રતિબાંધિત જૂના ફટાકડાઓનું વેચાણ કરતાં વિક્રેતાઓ પર દરોડાની કાર્યવાહી પણ કરવામાં આવશે. અમદાવાદ કલેકટર દ્વારા રાત્રે દસ વાગ્યા પછી ફટકડા ફોડનાર સામે સુપ્રીમકોર્ટના નિર્દેશાનુસાર કડક કાર્યવાહી કરવાની ચીમકી પણ ઉચ્ચારી હતી. ઉલ્લેખનીય છે કે, સુપ્રીમ કોર્ટે દિવાળીના તહેવારોમાં ફટાકડાના વેચાણ સહિત તેની મંજુરી અંગે આજે અગત્યનો ચુકાદો આપ્યો છે. જેમાં સુપ્રીમ કોર્ટે ઓછા એમિશનવાળા અને લાયસન્સ હોય તેમને જ ફટાકડાંનું વેચાણ કરવાની મંજૂરી આપવા કહ્યું છે. આ ઉપરાંત ઓનલાઈન ફટાકડાંનું વેચાણ ગેરકાયદેસર ગણવામાં આવશે. સુપ્રીમ કોર્ટના જણાવ્યા પ્રમાણે રજૂ કરેલા નિયમોનું પાલન કરાવવાની જવાબદારી દરેક વિસ્તારના એસએચઓની રહેશે અને આ નિયમોનું પાલન નહીં કરાવાય તો તેમને અંગત રીતે દોષિત માનવામાં આવશે. આ સાથે સુપ્રીમ કોર્ટ દ્વારા ફટાકડાં ફોડવા માટેના નિયત સમય પણ જાહેર કરવામાં આવ્યા છે. જેમાં સુપ્રીમ કોર્ટે દિવાળીના તહેવારોમાં રાત્રે ૮થી ૧૦ વાગ્યા સુધી જ ફટકડા ફોડવાની મંજુરી આપવામાં આવી છે. જયારે ક્રિસમસ અને ન્યૂ યરમાં રાતે ૧૧.૪૫થી ૧૨.૧૫ સુધી જ ફટાકડાં ફોડી શકાશે. આ ચુકાદા અગાઉ કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં ફટાકડાંઓના વેચાણ પર પ્રતિબંધનો વિરોધ કર્યો હતો. જેમાં કેન્દ્રએ સુપ્રીમ કોર્ટમાં કહ્યું હતુ કે, પ્રતિબંધના બદલે ફટાકડાંના ઉત્પાદન અંગે નિયમો કડક બનાવવામાં આવે તે સારો વિકલ્પ છે. જયારે ગયા વર્ષે કોર્ટે દિલ્હીમાં ફટાકડાંના વેચાણ ઉપર પ્રતિબંધ મુકતા વેપારીઓને લાખો રૂપિયાનું નુકસાન થયું હતું. આ પ્રતિબંધ સામે તેમણે દલીલ કરી હતી કે, પ્રદૂષણ માટે ફટાકડાંથી વધારે અન્ય પણ ઘણી વસ્તુઓ જવાબદાર છે. જો કે, સુપ્રીમકોર્ટે આખરે ઉપરોકત ચુકાદો જાહેર કર્યો હતો. જેના પ્રત્યાઘાત હવે અમદાવાદ, ગુજરાત સહિત દેશભરમાં પડી રહ્યા છે.

## વાતવાતમાં

● વાવોલના એક વકીલ જેઓ ગાંધીનગરમાં વકિલાતની પ્રેકટીસ કરે છે જેમણે રાંધેજા રોડ પરની એક હોટેલ ખાતે દારૂ પીને ધમાલ મચાવી હતી જેના પગલે એકઠી થયેલ જનમેદનીએ મેથીપાક ચખાડવા સાથે તેમની કારના પણ કાચ તોડી નાંખ્યા હતા. આ કારણે પેથાપુર પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવવા ધસી ગયેલા વકીલ 'પીધેલા' હોવાથી પોલીસે સૌથી પહેલા તેમના પર જ ગુનો નોંધી તેમની અટકાયત કરી હતી.

● શહેરમાં શરદપૂનમની ઉજવણીના પગલે ફરી એકવાર ખાણીપીણી બજારમાં તેજી જોવા મળી રહી છે અને વિવિધ સોસાયટીઓના શેરીગરબાના આયોજકો શરદપૂનમના રાસ-ગરબા માટે નાસ્તાના ઓર્ડર આપવા દોડધામ કરતા જોવા મળ્યા હતા. હવે શહેરમાં શરદપૂનમે દૂધ-પૌંઆ સાથે ચટાકેદાર નાસ્તો કરવાનો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે.

# આજે પ્રમુખ એલીગન્સ ખાતે રાસ-ગરબાનું આયોજન

ગાંધીનગર, તા.૨૩
શરદ પૂનમના રાસ-ગરબાનું આયોજન પ્રમુખ એલીગન્સ કુડાસણ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. તા.૨૪ ને બુધવારના રોજ રાત્રે ૯ થી ૧૧ કલાક દરમિયાન રાસ-ગરબાની રમઝટ જામશે. ૧૧ કલાક બાદ રમત-ગમત અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. જયારે રાત્રીના ૧૨ કલાક પછી દુધ-પૌંવા તેમજ નાસ્તાનું આયોજન કરાયું છે. જયારે રમગ-ગમત અને સાંસ્કૃતિક કાર્યક્રમમાં પ્રથમ, દ્રિતિય અને તૃતિય ક્રમ મેળવનાર દરેકને પ્રોત્સાહિત ઈનામ આપવામાં આવશે.

# રાજયસ્તરની તકેદારી અને મોનિટરીંગ સમિતિની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૨૩
મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સામાજીક સમરસ્તાને વિકાસનો પાયો ગણાવતાં સ્પષ્ટપણે જણાવ્યું કે, અનુસૂચિત જાતિ-જનજાતિ, પીડિત, શોષિત, દલિત વર્ગો પર વિશેષ ધ્યાન આપી તેમને સામાજીક ન્યાય મળે, રક્ષણ મળે તે માટે તાલુકા કક્ષાથી રાજ્ય સ્તરીય સુધી સમગ્ર વ્યવસ્થાનું મોનિટરીંગ રાજ્ય સરકારની પ્રથમ ફરજ છે.

વિજયભાઈ રૂપાણી સામાજીક ન્યાય અને અધિકારીતા તથા આદિજાતિ વિકાસ વિભાગની રાજયસ્તરની તકેદારી અને મોનિટરીંગ સમિતિની બેઠકના અધ્યક્ષસ્થાનેથી સંબોધન કરી રહ્યા હતા.

ગાંધીનગરમાં યોજાયેલી આ બેઠકમાં નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, વિધાનસભા વિપક્ષના નેતા પરેશભાઈ ધાનાણી, મંત્રીઓ સર્વ ગણપતસિંહ વસાવા અને ઈશ્વરભાઈ પરમાર, પ્રદિપસિંહ જાડેજા તેમજ સાંસદ વિનોદભાઈ ચાવડા અને રામસિંહ રાઠવા સહિત ધારાસભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીએ કહ્યું કે, અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ પરના અત્યાચાર કનડગતને સરકાર કોઈ પણ સંજોગોમાં ચલાવી લેવાની નથી.

આવા અત્યાચારોના કિસ્સામાં દોષિતોને સખત સજા થાય અને પીડિતોને સાચો ન્યાય-સુરક્ષા મળે તે સરકારની પ્રતિબદ્ધતા છે એમ પણ તેમણે ઉમેર્યુ હતું.

વિજયભાઈ રૂપાણીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, આવા અત્યાચારોના કિસ્સામાં કન્વીકશન અને દંડ એ બે પેરામીટર્સ હોય છે તેનો વધુ ચુસ્તતા અને સખ્તાઈથી અમલ કરીને અત્યાચારોના કિસ્સામાં કન્વીકશન રેટ-સજાનો દર વધે તથા દોષીતોને સખત સજા દંડ થાય તે માટે સંબંધિત વિભાગો યોગ્ય પ્રબંધન ગોઠવે.

મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે, પછાત-દલિત-શોષિત વર્ગો પર અત્યાચારો અટકે, તેમને સમાનતા મળે તે માટે સરકાર જ નહિં સૌ સાથે મળીને સામાજીક જવાબદારી નિભાવી એક બની-નેક બની સમરસતાનું વાતાવરણ નિર્માણ કરે તે આવશ્યક છે.

બેઠકન ચર્ચાઓ દરમ્યાન જણાવવામાં આવ્યું હતું કે, રાજ્ય સરકારે આવી જાતિઓ પરના અત્યાચારના બનાવોમાં સુધારેલ સહાયના ધોરણો જાહેર કર્યા છે.

તદઅનુસાર, અનુસૂચિત જાતિઓ પરના અત્યાચારના કિસ્સાઓમાં પાછલા બે વર્ષમાં રૂ. ૩૩ કરોડની સહાય ભોગ બનેલા વ્યકિતઓને ચુકવવામાં આવી છે. અનુસૂચિત જનજાતિઓના કિસ્સામાં રૂ. ૮ કરોડ ૯૦ લાખ સહાય અપાઈ છે.

# દશકોશી કડવા પાટીદાર સમાજની વાર્ષિક સાધારણ સભા યોજાઈ





ગાંધીનગર, તા. ૨૩
દશકોશી કડવા પાટીદાર સમાજ, ગાંધીનગરની વાર્ષિક સાધારણ સભા તાજેતરમાં શ્રી ઉમિયા માતાજી મંદિર, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે યોજાઈ હતી. જેમાં વર્ષ ૨૦૧૮-૧૯ માટે પ્રમુખ તરીકે જયેશભાઈ બી. પટેલ (કોટેશ્વર) તથા મંત્રી તરીકે વિનોદભાઈ બી. પટેલ (કોટેશ્વર) તથા ઉપપ્રમુખ પદે પ્રહલાદભાઈ પટેલ (ઈસનપુર મોટા), સહમંત્રી પદે દેવેન્દ્રભાઈ પટેલ (બાવળા), ખજાનચી પદે દિનેશભાઈ પટેલ (જાકાસણા), આંતરિક ઓડીટર પદે ભરતભાઈ પટેલ (સીતાપુર) તથા કાનૂની સલાહકાર તરીકે જગદીશભાઈ પટેલ (બાવળા)ની સર્વાનુમતે પુનઃ બિનહરીફ વરણી કરવામાં આવી છે.

# શનિવારે સે-૨ એ માં કરવા ચોથની પૂજા યોજાશે

ગાંધીનગર, તા. ૨૩
ગાંધીનગરમાં આગામી તા. ૨૭મી ઓક્ટોબર શનિવારે કરવા ચોથના શુભ દિને સેક્ટર-૨-એ ખાતે કડવા ચોથની પૂજાનું આયોજન દર વર્ષની જેમ આ વર્ષે પણ ભૂમિ જોગાણી દ્વારા કરવામાં આવ્યું છે. ભારતીય સંસ્કૃતિમાં ખાસ કરીને ઉત્તર ભારતમાં પરિણિત મહિલાઓ દ્વારા કડવા ચોથનું વ્રત ઉજવવામાં આવે છે જે પતિના લાંબા આયુષ્યની કામના માટે કરવામાં આવે છે. ગાંધીનગરમાં કરવા ચોથની પૂજા તા. ૨૭મી ઓક્ટોબરે સાંજે ૪ કલાકે સેક્ટર-૨-એ માં પ્લોટ નં. ૭/૨ પાસે બગીચામાં યોજાશે. જેમાં સામેલ થવા સુહાગણ મહિલાઓને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# સ્વસ્થ સમાજ અને ઉત્કૃષ્ટ જીવન માટે ભોગોપભોગ પરિમાણ જરૂરી : આચાર્ય સુનીલ સાગરજી

ગાંધીનગર, તા. ૨૩
આચાર્ય સુનીલ સાગરજી મહારાજે કહ્યું કે સમાજને સ્વસ્થ બનાવવા માટે અને જીવનને ઉત્કૃષ્ટ બનાવવા માટે જીવનમાં ભોગોપભોગનો પરિમાણ જરૂરી છે. એવી વસ્તુઓતો ત્યાગવી જ જોઈએ જે અભક્ષ્ય છે પણ એની સાથે ખાવા યોગ્ય કે ગ્રહણ કરવા યોગ્ય વસ્તુઓનું પણ પરિમાણ જરૂરી છે તેમાં સતત આસક્તિ ઘટાડવી જરૂરી છે એટલે જીવનપર્યંત માટે વસ્તુ ઉપભોગની જે મર્યાદા રાખેલી હોય તેમાંથી પણ ત્યાગ કરવું એક અણુવ્રતી શ્રાવક માટે ઘટે છે. એનાથી જીવન અહિંસક અને પાપમુક્ત બને છે. એક અણુવ્રતી ત્રસહિંસાથી તો વિરક્ત હોય છે પણ તે ઘર-ગૃહસ્થીના વ્યાપારના લીધે એકેન્દ્રિય સ્થાવરથી બચી શકતો નથી. છતાંય વિવેક રાખીને બિનજરૂરી હિંસાથી બચી શકે છે. દુનિયામાં ઘણું છે પણ વધુ ભોગી શકીએ તેમ નથી તો આસક્તિ કેમ ? જો જરૂર કરતાં વધારે આરોગશો તો ડૉક્ટર પાસે જવું પડશે તેથી મર્યાદા, સંયમમાં રહેતા સીખો આ જ ભોગોપભોગ કે પરિગ્રહ પરિમાણ શિક્ષાવ્રત છે. નવનીત વગેરે એવી ઘણી વધી વસ્તુઓ છે જો એમાં મર્યાદા ના સાચવીએ તો અનંત જીવરાશિ ઉત્પન્ન થઈ જાય છે. તેનો આગમ સમ્મત વિવેક રાખી શકાય છે. ડબ્બા બંધ વિદેશી વસ્તુઓ પણ ત્યાજ્ય છે કેમ કે એમાં પણ હિંસાના કારણો છે.



ગાંધીજીના મર્યાદાપૂર્ણ જીવનને આદર્શ કહી શકાય. તેઓ દઢપણે માનતા હતા કે દુનિયાની વધી વસ્તુઓ તેમના એકલા માટે નથી. કુદરત બધાની જરૂરિયાતો સંતોષી શકે છે પણ કોઈનો લાલાચ સંતોષી શકતી નથી. દેશવ્રતી પ્રાપ્યમાં સંતોષ તો માને છે અને એમાંથી પણ ત્યાગનો અભ્યાસ કરી પોતાના પરિણામોને નિર્મળ બનાવે છે તથા ભેદવિજ્ઞાન કરીને મોક્ષમાર્ગે આગળ વધે છે. સંઘસ્થ વયોવૃદ્ધ મુનિ સુકમાલ સાગરજીએ એક કથાનકના માધ્યમથી સમજાવ્યું કે જીવનમાં ઘણા લોકો એવા છે સાચું જાણતા નથી અને માનતા પણ નથી. તેમજ અમુક એવા છે જે જાણે તો છે પણ તે પ્રમાણે વર્તવામાં માનતા નથી. ખરેખર એવા લોકો પોતાના અને સમાજના આરોગ્ય માટે ખતરનાક છે. આચાર્ય ભગવન ટકોર કરતા કહે છે વધુ ખતરનાક તો એવા લોકો જે જાણતા નથી અને માનતા નથી છતાયં પોતાની તાણે છે. તેથી હે ભવ્ય જીવો ! સમજુ બનો અને આત્મકલ્યાણના માર્ગે જવા વસ્તુ પ્રત્યેની આસક્તિનો ત્યાગ કરો અને પરિગ્રહની જીવનમાં મર્યાદા કરો જેથી અતિરેક જરૂરતમંદો માટે ઉપલબ્ધ થાય.